# વડગામ કોર્ટમાં સાધ્વીને રજૂ કરાઈ

## વડગામ પોલીસે વ્યાજખોરીના ગુનામાં ચાર્જશીટ રજૂ કર્યું

બનાસકાંઠા જિલ્લામાં સાધ્વી જયશ્રીગિરી પર નવ ગુના દાખલ થયા છે. વ્યાજખોરી, છેતરપિંડી, ધાકધમકી અને પ્રોહીબિશન જેવા



ગુના દાખલ થયા છે. ત્યારે આજે સાધ્વી અને તેના સાગરીત ચિરાગ રાવલને સાબરમતી પોલીસના જાપ્તા હેઠળ વડગામ કોર્ટ મા રજૂ કરાયા હતા. વડગામ પોલીસે આર્મ્સ એક્ટ અને વ્યાજખોરીના ગુના મા ચાર્જશીટ રજૂ કરતા સાધ્વી અને સહ આરોપી ચિરાગને સાબરમતી જેલ ના જાપ્તા હેઠળ વડગામ કોર્ટ મા રજૂ કરાયા હતા. અગાઉ પાલનપુર પૂર્વ અને પશ્ચિમ પોલીસ ૭ ગુના ઓ મા પાલનપુર કોર્ટ મા ચાર્જશીટ રજૂ કરી ચુકી છે. ત્યારે આજે ત્રણ માસ બાદ પણ સાધ્વી ના સાગરીતો ફરાર છે ત્યારે પોલીસ પક્કડ થી દુર આ ફરાર આરોપી ક્યારે પોલીસ સકંજામાં માં આવશે તેના પર સૌની મીટ મંડાઈ છે.

# મહેસાણામાં પાટીદારોની રેલી

મહેસાણા, તા. ૨૪

તાજેતરમાં મહેસાણા નજીક હાઈવે પર આવેલ સેફ્રોની કોટેજમાં મહેસાણાના પૂર્વ સાંસદ જયંતિલાલ બારોટના મકાન પર તોડફોડ લૂંટ અને આગનો બનાવ બન્યો હતો. આ ઘટનામાં આરોપીઓના નામજોગ ફરિયાદ નોંધાઈ હતી. જેમાં એક આરોપી તરીકે મહેસાણાના પરા વિસ્તારના એક પાટીદાર વ્યક્તિનું નામ હોઈ પોલીસે તેમની ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. પકડાયેલ આ આરોપીની ગુનાના કામે ખોટી રીતે સંડોવણી થઈ હોવાના મુદ્દે આજે મહેસાણામાં પાટીદારોની એક રેલી કાઢવામાં આવી હતી. શહેરના પરા રામજી મંદિરેથી નીકળેલ રેલી શહેરના મુખ્ય માર્ગ પરથી પસાર થઈ તે જિલ્લા કલેક્ટર કચેરીએ પહોંચી હતી. જ્યાં રેલીમાં જોડાયેલ પાટીદાર સમાજના કેટલાક વ્યક્તિઓએ અધિક કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જેમાં સમગ્ર ઘટનાની ન્યાયી તપાસ થાય તેવી માંગણી કરવામાં આવી હતી. હાથમાં બેનરો સાથે નીકળેલ આ રેલીમાં સ્થાનિક પાટીદાર સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. આજની રેલીને પગલે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો.



## મેઘરજમાં યુવતી ગુમ થતાં બજાર બંધ કરાવ્યુ

મેઘરજ નગરમાં ગત ગુરૂવારના રોજ એક યુવતી બપોરે ૧ ૨ વાગ્યાના સમયે મોડાસા આઈટીઆઈમાં અભ્યાસ અર્થે ગયેલ હતી. પરંતુ સાંજે પાંચ વાગ્યા સુધી યુવતી ઘરે પરત ન આવતાં પરિવારજનો ચિંતામાં મુકાયા હા અને યુવીતની શોધખોળ કરી હતી. પરંતુ યુવતી ન મળી આવતાં પરિવારજનોએ મેઘરજ પોલીસ સ્ટેશનમાં લેખીતમાં જાણ કરી હતી. આજ દિન સુધી યુવતી ન મળી આવતા નગરમાં અને તાલુકામાં યુવતીના અપહરણની ચર્ચા વાયુ વેગે વહેતા સમાજના લોકોએ મેઘરજ નગરમાં દુકાનો બંધ કરાવતા નગરની તમામ દુકાનો બંધ થયેલ જેની જાણ પોલીસને થતાં અરવલ્લી જિલ્લા પોલીસ વડા સહિતની ટીમ મેઘરજ નગરમાં ખડકાઈ હતી. કોઈ અનિચ્છનીય બનાવ બને નહિ તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને જિલ્લા પોલીસ વડાએ આગેવાનો સાથે મિટીંગ કરી બપોર સુધીમાં તમામ દુકાનો રાબેતા મુજબ ચાલુ કરાવી દીધી હતી અને કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો.

# ભિલોડાના ધોલવાણી પાસે કારની ટક્કરમાં બાઈકચાલકનું મોત

ભિલોડા,તા.૨૪

ભિલોડા-વિજયનગર ધોરીમાર્ગ ઉપર આવેલ ધોલવાણી ગામની વન વિભાગની નર્સરી પાસે મારૂતી અલ્ટો કાર ચાલકે બાઈક ચાલકને ગત રોજ સમી સાંજે ધડાકાભેર ટક્કર મારતાં એક યુવાનનું ઘટનાસ્થળે મોત નિપજ્યુ હતું.

બાઈક ચાલક ગંભીર રીતે ઘવાતાં વધુ સારવાર અર્થે અમદાવાદ પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. સુરેશભાઈ થાવરાજી ભગોરાના જણાવ્યા મુજબ ધોલવાણી ગામ પાસે વન વિભાગની નર્સરી સામે કાર ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે માતેલા સાંઢની માફક કાર હંકારતાં જીવલેણ અકસ્માત સર્જાયો હતો. મારૂતી અલ્ટો કાર નંબર જી.જે.ર.બી.ડી. ૪૧૪ ના અજાણ્યા ચાલકએ હિરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક નંબર. જી.જે.૧૨.એ.એચ. ૬૨૯૬ ના બાઈક ચાલકને પાછળથી ટક્કર મારતાં બાઈક પાછળ બેઠેલા વિજયનગર તાલુકાના બિલડીયા ગામના ભરતભાઈ ભુરજીભાઈ



બલાત, ઉં.વ.૨૫ નું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

ધોલવાણી ગામ પાસે નર્સરી નજીક ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા સમી સાંજે એકત્રીત થઈ ગયા હતા. બાઈક ચાલક જીજ્ઞેશભાઈ અશ્વિનભાઈ બલાતના શરીર ઉપર ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે અમદાવાદ પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાઈક ચાલક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો હોવાનું જાણવા મળેલ છે. અજાણ્યો કાર ચાલક ઘટનાસ્થળે કાર મુંકી પલભરમાં પલાયન થઈ ગયો હતો. બિલડીયા ગામના માવજીભાઈ રાજાજી બલાતએ પોલીસ સ્ટેશનમાં અકસ્માત સંદર્ભે ફરીયાદ નોંધાવતાં પોલીસએ કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# મહેસાણા કોંગ્રેસ શાસિત પાલિકામાં અવિશ્વાસની દરખાસ્ત મુકાશે

મહેસાણા, તા. ૨૪

આજે કોંગ્રેસ શાસિત મહેસાણા નગરપાલિકાના વર્તમાન મહિલા પ્રમુખ સામે કોંગ્રેસના જ ૨૨ પાલિકાના સદસ્યોએ અવિશ્વાસની દરખાસ્ત મુકવા પાલિકાના મુખ્ય અધિકારીને લેખિત રજૂઆત કરતાં મામલો ગરમાયો છે.

પાલિકાના કોંગ્રેસના ૨૨ જેટલા સદસ્યોએ પાલિકાના મુખ્ય અધિકારીનો આપેલ લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે મહેસાણા નગરપાલિકાના પ્રમુખ મનસ્વીપણે પાલિકાનો વહિવટ કરે છે. અને પ્રજાના ચૂંટાયેલા સભ્યો પર પ્રમુખ વેર ભાવ રાખીને કામ કરે છે. જેથી પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત આગામી પાલિકાના બોર્ડમાં મુકવા માટે રજૂ કરીએ છીએ. મહેસાણા પાલિકામાં છેલ્લા કેટલાક વખતથી કોંગી શાસનમાં આંતરિક મતભેદો અને ડખા ઉભા થતા મામલો ગરમાયો છે.

# મોડાસા શહેરમાં પાંજરાપોળના અભાવે બિમાર અબોલ પશુઓની હાલત દયનીય

મોડાસા, તા. ૨૪

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લાના નવનિર્માણ સમયે જિલ્લાના પ્રથમ કલેક્ટરે અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની સ્થાપના કરી. આ સોસાયટીની દેખરેખ હેઠળ રખડતા અને બિમાર અબોલ પશુઓએ માટે પાંજરાપોળ બનાવવાની જગ્યાની ફાળવણી કરવાની કાર્યવાહી હાથ ધરાતા અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરના જીવદયાપ્રેમીઓમાં આનંદ છવાયો હતો. પરંતુ પ્રથમ કલેક્ટરની બદલી થતા કે પછી નિવૃત્તિ થતા આ પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી પણ નિવૃત્ત બની ગઈ હોય તેમ જિલ્લામાં આવનાર કલેક્ટરોએ કોઈ જ કાર્યવાહિ હાથ ધરવામાં ન આવતા જીવદયા પ્રેમીઓમાં નિરાશા ફેલાઈ ગઈ છે. મોડાસા શહેરમાં બિમાર અબોલ પશુઓ પાંજરાપોળના અભાવે રસ્તે રઝળતા દયનીય હાલતમાં જોવા મળે છે.

ગુજરાત સરકારે ગૌવંશ હત્યાનો કાયદો અમલમાં લાવતાં ગૌહત્યા કરતા કસાઈઓમાં ફફડાટ ફેલાયો છે. અને ગાયોની તસ્કરી પર મહદ્અંશે અંકુશ આવ્યો છે. બીજી તરફ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રખડતા પશુઓ જાહેર માર્ગો પર અડ્ડો જમાવી દેતા અને પશુઓના માલીકો દ્વારા તેમના પશુઓની દરકાર ન લેવાતા પશુઓ માર્ગો પર ફરતા હોવાથી વારંવાર અજાણ્યા વાહનની ટક્કરે ઈજાગ્રસ્ત બનતા જીવદયાપ્રેમીઓમાં અકસ્માતથી ઘાયલ થઈ મોતને ભેટતા હોવાથી આઘાતમાં સરી પડે છે. મોડાસા શહેરમાં અકસ્માતમાં ભોગ બનેલા પશુઓ અને બિમાર પશુઓની સારવાર અર્થે જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષી અને તેમની ટીમ વેટેરનરી ડૉક્ટરોના સંપર્ક કરી સારવાર કરાવવા સતત પ્રયત્નશીલ રહે છે. મોડાસા શહેરના માલપુર રોડ પર બિમાર વાછરડાની જાણ નિલેષભાઈ જોષીને થતા ડૉ. કિરણ પટેલ અન ડૉ. રાકેશ જોષી સાથે પહોંચી જઈ બિમાર વાછરડાની સારવાર હાથ ધરી બચાવી લેવા અથાગ પ્રયત્નો હાથ ધર્યા હતા.

જીવદયાપ્રેમી નિલેષભાઈ જોષીના જણાવ્યા અનુસાર મોડાસા શહેર તથા આજુબાજુના વિસ્તારમાં અકસ્માતનો ભોગ બનેલા અબોલ પશુઓ અને બિમારમાં સપડાયેલા પશુઓની તેમની ટીમ અને વેટેરનરી તબીબો સાથે રાખી ઈજાગ્રસ્ત પશુઓ અને બિમાર પશુઓની જે તે સ્થળે



સારવાર હાથ ધરે છે. જો પાંજરાપોળની વ્યવસ્થા કરવામાં આવે તો બિમાર પશુઓને પાંજરોળ સ્થળે ખસેડી સઘન સારવાર હાથ ધરવામાં આવે તો અબોલ પશુઓને મોતના મુખમાંથી ઉગારી શકાય. યોગ્ય જગ્યાના અભાવે પશુઓની સારવાર કરવામાં ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોવાનુ જણાવી મોડાસા શહેરમાં વહીવટીતંત્ર દ્વારા જમીનની ફાળવણી કરી તાબડતોડ પાંજરાપોળ બનાવવામાં આવે તેવી જીવદયાપ્રેમીઓની ટીમે માંગ કરી હતી.

# પ્રાંતિજમાં એલઈડી લાઈટોનો વિવાદ ઘેરો બન્યો

## મેન રોડ સહિતના વિસ્તારોમાં ૩૫ વોલ્ટની જગ્યાએ ૧૮ વોલ્ટની એલઇડી ઠોકી દેતાં અંધકાર છવાયો

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં અઠવાડિયાથી નાખવામાં આવેલ એલઈડી લાઈટોને લઈને વિખવાદની સાથે જે તે લાઈટો રાખવાની અથવા ૧૮ વોલ્ટની જગ્યોએ ૩૫ વોલ્ટની એલઈડી લાઈટો નાંખવાની રાવ ઉઠવા પામી છે.

પ્રાંતિજમાં નવી એલઈડી લાઈટો નાંખવાની વાત ને લઈને નગરમાં ખુશી જોવાં મળી હતી પણ જ્યારે એલઈડી લાઈટો નાખવામાં આવી અને રાત્રીના સમયે પ્રકાશ ઓછો અને ઠેર- ઠેર ધબ્બા પડતાં જોવાં મળતાં અને પ્રાંતિજ નગર પાલિકાના નોર્ડલ ઓફિસરના માર્ગદર્શન હેઠળ ઠેર ઠેર આડેધડ જેમ તેમ એલઈડી લાઈટો નાખવામાં આવતાં પ્રાંતિજના કેટલાય વિસ્તારો



અંધકારમય બન્યાં છે અને પહેલાં જયાં બે સ્ટ્રીટ લાઈટના પાંજરા હતાં ત્યાં એક માત્ર ૧૮ વોલ્ટની એલઈડી મારવામાં આવતાં પ્રાંતિજના અનેક વિસ્તારોમાં અંધકાર છવાયો છે અને અંધેરા કાયમ રહે નો ઘાટ સર્જાયો છે ત્યારે નાની ભાગોળ નગરપાલિકા ઉપપ્રમુખ અને જાગૃત કોર્પોરેટર તથા તેજ વિસ્તારના સ્થાનિક કોર્પોરેટરો તથા જાગૃત નાગરિકોએ ૧૮ વોલ્ટની એલઈડી લાઈટો લગાવેલી પ્રકાશ ના પડતાં ખુલ્લો વિરોધ કર્યો હતો અને વિરોધબાદ ૧૮ વોલ્ટની લગાવેલી એલઈડી લાઈટો ઉતારી લઈ ને ત્યાં ૩૫ વોલ્ટની એલઈડી લાઈટો લગાવવામાં આવી છે ત્યારે જે બોલે તેનાં બોર વહેંચાય તેવી કહેવત અહીં સાર્થક થઈ છે. ત્યારે હવે પ્રાંતિજ નગરમાં એક પછી એક વિસ્તારના લોકો ૧૮ વોલ્ટની એલઈડી ની જગ્યાએ ૩૫ની એલઈડી લગાવવાની માંગ ઉઠવા પામી છે ત્યારે શું ખરેખર હાલ ટીંગાયેલી ૧૮ની એલઈડી લાઈટો બદલવામાં આવશે કે કેમ એ તો હવે જોવાનું રહ્યું.

# વ્યાજબીભાવની દુકાનેથી જથ્થો મેળવવા આધાર નંબર નોંધણી કરાવો

મહેસાણા, તા.૨૪

સરકારશ્રીના પરિપત્ર મુજબ જિલ્લાના તમામ રેશન કાર્ડધારકોએ આધાર રજિસ્ટર કરાવવાનુ જરૂરી છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ મુજબ આધાર આધારીત જથ્થાનું વિતરણ ૦૧ અપ્રિલ ૨૦૧૭થી કરવાની સુચના આપેલ છે. આધાર કાર્ડ નંબર ન હોયતો તાત્કાલીક મામલતદાર કચેરીમાં જઈ આધાર કાર્ડની અરજી કરી પહોંચ મેળવી લેવાની રહેશે.જે સંબધિત મામલદાર કચેરીમાં પુરવઠા શાખામાં રાખવામાં આવેલ રજિસ્ટરમા નોંધણી કરાવી ઓળખ ચકાસણી કરાવી નંબર મેળવી વ્યાજબી ભાવની દુકાન સંચાલકશ્રીને આપવામાં આવ્યેથી જથ્થો મળી શકશે.

૩૦ જુન ૨૦૧૭ સુધીજ વૈકલ્પિક આધારકાર્ડ નંબર, ઓળખપત્રની વ્યવસ્થા અમલમાં છે જેથી કોઈ કાર્ડધારક આધારકાર્ડ, આધાર નંબર મેળવેલ ન હોય તો તેવા લાભાર્થીએ ૩૦ જુન ૨૦૧૭ પહેલાં આધાર નંબર મેળવવા માટે મામલતદાર કચેરીમાં અરજી કરી આધાર નોંધણી નંબર, આઈ.ડી.સ્લીપ મેળવી લેવાની રહેશે તેમ જિલ્લા પુરવઠા અધિકારી મહેસાણાએ જણાવાયું છે.

# પ્રાંતિજના બાલીસણા ગામે મકાનમાંથી ચોરી થતાં પોલીસ ફરીયાદ

પ્રાંતિજ, તા.૨૪

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બાલીસણા ગામે આવેલ મકાનમાંથી કોઈ અજાણ્યા ચોર ઈસમો ૨૧,૩૦૦ની મત્તાની ચોરી કરી પલાયન થતાં મકાન માલિક દ્વારા પોલિસ ફરીયાદ કરાઈ છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના બાલીસણા ગામે આવેલ રાજેન્દ્રકુમાર જશુભાઈ પટેલ કે જેવો ના નવીન મકાનમાં ફર્નીચરનું કામ ચાલે છે અને ઘર નો મેઈન દરવાજો હજુ ફીટ કરવામાં આવ્યો નથી અને તેમનાં મકાનમાં ફર્નીચરનું કામ કરી રહેલ કારીગરોના મોબાઈલ નંગ- ત્રણ જેની કુલ કિંમત ૧૦,૮૦૦ તથા એક કટર મશીન તથા બે ડ્રીલ મશીન કિંમત- ૫૫૦૦ તથા ઈલેકિટ્રકલ વાયર ૧૮૦ મીટરનું બંડલ નંગ- એક જેની કિંમત- ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૨૧,૩૦૦ ની મત્તાની ચોરી કરી કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ફરીયાદી રાજેન્દ્રકુમાર જશુભાઈ પટેલ દ્વારા ફરીયાદ કરતાં પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લી-સાબરકાંઠાનો સંયુકત કૃષિ મહોત્સવ હિંમતનગર ખાતે ૧૨મીએ યોજાશે

રાજ્યના કિસાનો આર્થિક રીતે સદ્ધર થાય અને ખેડૂતોની આવક બમણી થાય તે આશયથી રાજ્યભરમાં સતત ૧૨ વર્ષથી કૃષિ મહોત્સવના માધ્યમ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જેના પરિણામે બે આંકડાના કૃષિ વિકાસ દર સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે. કૃષિ મહોત્સવની અપ્રતિમ સફળતાથી પ્રેરાઈને રાજ્ય સરકાર દ્વારા આ વર્ષનો ૧૩મો કૃષિ મહોત્સવ આગામી તા.૬ઠ્ઠી મે-૨૦૧૭થી તા.૨૩મી મે-૨૦૧૭ દરમિયાન રાજ્યભરમાં યોજવાનું નક્કી કરાયું છે. તેના ભાગરૂપે દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ઝોનમાં સાબરકાંઠા અને અરવલ્લી એમ બે જિલ્લાનો સંયુક્ત કૃષિ મહોત્સવ તથા સેમિનાર તા. ૧૨મી મે ના રોજ હિંમતનગર ખાતે યોજાશે.

જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સેમીનારમાં તજજ્ઞો દ્વારા આધૂનિક કૃષિ તાંત્રિકતાઓ, જળસિંચન થકી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, કૃષિ યાંત્રીકીકરણ થકી ઓછા ખર્ચે સમયસર ખેતીના કાર્યો અંગે જાણકારી અપાશે. સાથે સાથે સંકલિત પોષણ વ્યવસ્થા થકી જમીનની તંદુરસ્ત જાળવણી, કૃષિ અને બાગાયતી પાકોની ઉત્પાદકતા વધારી તેનું મૂલ્યવર્ધન, સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન, આદર્શ પશુપાલન તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગે ખેડૂતોને માર્ગદર્શન ઘર આંગણે જ આ કૃષિ મહોત્સવ દરમિયાન પુરૂ પડાશે. જેમાં પ્રદર્શનનો સમય સવારે ૮.૩૦ થી ૬ કલાક સુધીનો રહેશે. તેમજ સેમીનાર સવારના ૯ થી બપોરના ૧ દરમિયાન યોજાશે. કૃષિની સાથે સાથે પશુપાલન ઉદ્યોગનો વ્યાપ વધે તે માટે પણ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપી પશુસંવર્ધન-પશુસંરક્ષણ માટે સ્થાનિક કક્ષાએ પશુ આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે.

કૃષિ મહોત્સવ દરમિયાન યોજાનાર પ્રદર્શનમાં ૧૦૦થી વધુ સ્ટોલ્સમાં કૃષિ યુનિવર્સિટી સહિત વિવિધ વિભાગોની યોજનાકીય માહિતી, સુક્ષ્મ પીયત પદ્ધતિનો પ્રચાર-પ્રસાર, ફાર્મ મશીનરી, એગ્રો પ્રોસેસીંગ યુનિટના યંત્રો-ઓજારોની માહિતી નામાંકિત ખાનગી કંપનીઓ દ્વારા અપાશે. ખાતર કંપનીઓ દ્વારા ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગે જાણકારી, જનધન યોજના, કિસાન ક્રેડિટકાર્ડ, પાક ધીરાણ અંગે બેન્કો દ્વારા માર્ગદર્શન, પ્રગતિશીલ ખેડૂતોની સાફલ્યગાથા નવતર પ્રયાસો હાથ ધર્યા હશે તેવા ખેડૂતોનું સન્માન પણ કરાશે.

# ભિલોડાના નારસોલી ગામે એકલિંગજી દાદા તથા કાત્યાયની માતાજીના મંદિરના પુનઃ નિર્માણનો શિલાન્યાસ થશે

ભિલોડા, તા. ૨૪

અરવલ્લી જિલ્લામાં ભિલોડા તાલુકાના નારસોલી ગામે એકલિંગજી દાદા, કાત્યાયની માતાજી, હનુમાનજી મંદિરના પુનઃ નિર્માણનો શિલાન્યાસ થશે. તા. ૩-૫-૨૦૧૭ને બુધવારે સવારે ૯ કલાકે નારસોલીમાં આ અંગેનો કાર્યક્રમનો પ્રારંભ થશે. સવારે ૯ કલાકે શોભાયાત્રા યોજાશે. જેમાં સમસ્ત મેવાડા બ્રાહ્મણોનો વિશાળ સમુદાય સહિતના શ્રદ્ધાળુ ભાવિક ભક્તો શોભાયાત્રામાં ઉમટી પડશે તે પછી ૧૦.૩૦ કલાકે શિલાન્યાસ થશે તેના અંતે મહાપ્રસાદ સાથે આ કાર્યક્રમું સમાપન થશે.

# જગાણા હાઈવે પર બે ટ્રક ટકરાયા

પાલનપુર અમદાવાદ હાઈવે પર બે ટ્રક ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો જો કે અકસ્માત ને પગલે એક કલાક સુધી હાઈવે પર બ્લોક જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી.જગણા ચાર રસ્તા પાસે બે ટ્રક વચ્ચે ના અકસ્માત મા ટ્રક ડ્રાયવર બે ટ્રક વચ્ચે ફસાયો હતો આ ફસાયેલા ડ્રાયવર ને બહાર કાઢવા કટર ની મદદ લેવાઈ હતી.



## પ્રાંતિજ ખાતે પુસ્તક પ્રદર્શન યોજાયું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ સરકારી પુસ્તકાલયમાં વિશ્વ પુસ્તક દિન નિમિત્તે વિવિધ પુસ્તકોનું પ્રદર્શન યોજાયું હતું. પ્રાંતિજ ખોડીયાર કુવા પાસે આવેલ સરકારી પુસ્તકાલયમાં પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં ધાર્મિક- સામાજિક, સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકો, સાહિત્ય પુસ્તકો તથા વાર્તાના પુસ્તકો મેગેઝિન, બાળસાહિત્ય સહિતના પુસ્તકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાં રહેતાં પુસ્તક પ્રેમીઓ સરકારી પુસ્તકાલયમાં પુસ્તક પ્રદર્શન નિહાળવા ઉમટી પડયા હતાં. એક સાથે એક જ સ્થળે બધાંજ પુસ્તકો મળી રહેતાં આનંદ વ્યક્ત કર્યો હતો.

# હિંમતનગર-શામળાજી માર્ગે વાંટડા ટોલટેક્ષમાં જંગી વધારો

હિંમતનગર, તા.૨૪

ગુજરાત સરકારે રાજયના ધોરી માર્ગો પરના ટોલ ટેક્ષ ઉઘરાવવાનું નાબુદ કર્યુ છે. બીજી તરફ હિંમતનગર શામળાજી એનએચ ૮ પર વાંટડા ગામ પાસે ટોલટેક્ષ ઉઘરાવવામાં આવે છે. વળી ગત માસ સુધી આ ટોલનાકા પરથી મલ્ટીપલ એન્ટ્રી સાથે આવવા જવાનો રૂ. ૭૫ ચાર્જ હતો જે હવે રીટર્ન ટિકિટ સાથે રૂ. ૯૫ કરી દેવાયો છે.

આ ટોલટેક્ષ કોરલ એસોસિએટસ તથા ઈગલ ઈન્ફ્રાસ્ટ્રકચર કંપની દ્વારા ઉઘરાવાય છે. મલ્ટીપલ એન્ટ્રીના બદલે રિટર્ન ટિકિટ કરી રૂ. ૯૫ કરી દેવાયા છે. તે વધારો પણ વાહનચાલકોના મતે ખુબ વધુ પડતો છે જેના પર નિયંત્રણ હોવું જરુરી છે. આ ટોલટેક્ષ પરનો ભાવ વધારો તાત્કાલિક દૂર કરાય તેવી વાહનચાલકોમાં માંગ ઉઠવા પામી છે.